**ચલાલા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર ૧૧૧૯૩૦૧૩૨૫૦૨૦૧/૨૦૨૫, તારીખ ૦૫/૦૯/૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૩૧(૩), ૩૩૧(૪), ૩૦૫(એ) મુજબના ગુનાના કામે આરોપી વિજય ઉર્ફે કાદર હિંમતભાઇ મકવાણા રહે:– પ્લોટ નંબર–૪૬, રામનગર સોસાયટી, હનુમાનદાદા ના મંદિર પાસે, દુંદાળા પાસે, શિહોર, તાલુકો:– શિહોર, જીલ્લો:– ભાવનગર ની જામીનઅરજી નીચે હુકમ**

**ફોજદારી પરચુરણ અરજી નંબર–૩૦/૨૦૨૬**

---

૧. અરજી વંચાણે લીધી. અરજી સંદર્ભે અરજદાર/ મુળ આરોપીના વિદ્ધાન વકીલશ્રી ની રજુઆત સાંભળી. તેમણે અદાલત સમક્ષ એવી રજુઆત કરી છે કે અરજદાર પર ચલાલા પોલીસ સ્ટેશનમા ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર **૧૧૧૯૩૦૧૩૨૫૦૨૦૧/૨૦૨૫, તારીખ ૦૫/૦૯/૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૩૧(૩), ૩૩૧(૪), ૩૦૫(એ)** મુજબનો ગુનો નોંધાયો છે. આરોપી નિર્દોષ છે તેમને પોલીસે કહેવાતા ગુનામા ખોટી રીતે સંડોવ્યા છે. આરોપી નામદાર કોર્ટમા જામીન અને જાતમુચરકો રજુ કરવા તૈયાર છે. આરોપી ક્યાય નાસી–ભાગી જાય તેમ નથી. જો આરોપીને જેલમા રાખવામાં આવે તો તેમના ધંધા અને કુટુંબની દેખભાળ રાખી શકે નહી તેથી આરોપીને અને તેમના પરિવારને હાડમારી થાય તેમ છે. આરોપીના પિતાનુ પણ અવસાન થઇ ગયુ છે તેથી તેમના માતા નોધારા બની ગયા છે અને તેમની દેખભાળ કરી શકે તેવુ બીજુ કોઇ જ નથી. આરોપીને જેલમા રાખવાથી તેમને ખુબ જ નુકશાન થાય તેમ છે. હાલની જામીન અરજી ચાર્જશીટ થયા પછીની પ્રથમ વખતની જામીન અરજી છે. તેથી આરોપીને જામીનમુકત કરવા યોગ્ય હુકમ કરવા વિનંતિ છે.

૨. અરજી સંદર્ભે આગળનો કોઇપણ હુકમ કરતા પહેલા વિદ્ધાન એ.પી.પી. શ્રી ને રજુઆત કરવાની તક આપી હતી. તેમણે અદાલત સમક્ષ એવી રજુઆત કરી છે કે આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલો ગુનો ગંભીર પ્રકારનો છે. આરોપી ટેવગત રીતે આવા ગુનાઓ કરે છે. તેથી આ ગુનાના કામે આરોપીને જામીનમુકત કરવા સામે સખત વાંધો છે.

૩. અરજી સંદર્ભે કેસનુ રેકર્ડ વંચાણે લીધુ. અદાલતે જામીનઅરજી પરનો નિર્ણય કરતી વખતે (૧) ગુનાની ગંભીરતા (૨) થઇ શકતી સજાનુ પ્રમાણ (૩) ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરીની સંભાવના (૪)

પુરાવાઓનો નાશ થવાની સંભાવતા અને (૫)ફરી વખત ગુનો થવાની સંભાવના વિગેરે મુદ્દાઓને ધ્યાને લેવા જોઇએ.

૪. અરજી સંદર્ભે અરજદાર/આરોપી ના વિદ્વાન વકીલશ્રી, વિદ્વાન એ.પી.પી શ્રી ની રજુઆત અને રજુ થયેલા પોલીસ પેપર્સ ને ઉપરોક્ત મુદ્દાઓ સાથે ધ્યાને ન્યાયિક વિચારણા કરીએ તો

**1 .ગુનાની ગંભીરતા : –**

અરજી સંદર્ભે એફ.આઇ.આર અને રજુ થયેલા પોલીસ પેપર્સ વંચાણે લીધા. આ કેસની એફ.આઇ.આર મુજબ ફરિયાદી ની દુકાન નુ શટર નો નકુચો કોઇ અજાણ્યા ચોર ઇસમો એ તોડી ને ગલ્લામા રાખેલા રોકડા રૂપિયા ૮૫,૦૦૦/- (અંકે રૂપિયા પંચ્યાસી હજાર પુરા) તથા સી.સી.ટી.વી કેમેરાનુકેમેરાનુ ડી.વી.આર કે જેની કિમંત રૂપિયા ૪૮૦૦ તથા ૧૨ જોડી પુરુષો ને પહેરવાના કપડા કિંમત રૂપિયા ૧૨,૦૦૦/- (અંકે રૂપિયા બાર હજાર પુરા) તથા પુરુષો ને પહેરવાના પેન્ટ નંગ–૧૨ કિમંત રૂપિયા ૯,૬૦૦/- (અંકે રૂપિયા નવ હજાર છસો પુરા) ની ચોરી કરી હતી. વધુમા એફ.આઇ. આર મુજબ આ કેસના સાહેદ ચેતનભાઇ કાલાણી દુકાનમાથી પણ રોક્ડ રૂપિયા ૩,૦૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર) પુરા ની ચોરી થઇ હતી.

આ ગુનાની તપાસમાં હાલના આરોપીનુ નામ ખુલ્યુ હતુ. હાલના આરોપી અન્ય ગુનાના કામે જ્યુડીશીયલ કસ્ટડીમા હોવાથી ટ્રાન્સફર વોરંટ ના આધારે કબજો મેળવ્યો હતો. ત્યારબાદ આ ગુનાની તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો હોવાનુ જણાતા નામદાર અદાલતમા ચાર્જશીટ થયુ છે.

આ ગુનાના કામે આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ થઇ ગઇ છે. આથી આરોપી વિરુદ્ધ તપાસનીશ અધિકારીને ચાર્જશીટ કરવા જેટલો પુરાવો મલ્યો હોવાનુ અનુમાન થાય. આ કેસના આરોપી પર ભારતીય ન્યાયસંહિતા–૨૦૨૩ ની કલમ ૩૩૧(૩), ૩૩૧(૪), ૩૦૫(એ)મુજબના ગુનાનો આરોપ

છે. આરોપી વિરુદ્ધ આરોપવામા આવેલા ગુના બદલ થઇ શકતી સજા ૧૪ વર્ષ સુધીની કેદની સજા છે. વધુમા એફ.આઇ.આર મુજબ આરોપીએ સ્થળ પરથી ડી.વી.આર ની પણ ચોરી કરી હોવાથી તે પુરાવાનો નાશ કર્યા મુજબનો ગુનો પણ બને છે. આમ આરોપી એ ગુનો આચરવાની સાથે પુરાવાનો નાશ કર્યો છે તેથી આરોપીએ સમગ્ર તૈયારી કરી તેમજ ભવિષ્યમા કાયદેસરની કાર્યવાહી થી બચવા ની તૈયારી સાથે ગુનો આચર્યો છે. તેથી આરોપીનુ આ કૃત્ય ગંભીર સ્વરૂપનુ ગણાય.

**2 . આરોપીને જામીનમુકત કરવાની આ અદાલતની સત્તા: –**

આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલો ગુનો ભારતીય ન્યાયસંહિતા–૨૦૨૩ ની કલમ ૩૩૧(૩), ૩૩૧(૪), ૩૦૫(એ) મુજબનો ગુનો છે. આ ગુના બદલ થઇ શકતી સજા ૧૪ વર્ષ સુધીની કેદની સજા છે. આમ આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલો ગુનો આજીવન કેદની અથવા દસ વર્ષ સુધીની કેદની સજા ને પાત્ર ગુનો નથી. વધુમા આ ગુનાની ન્યાયિક કાર્યવાહી કરવાની સત્તા આ અદાલત ને છે.

**3 .આરોપીનો ગુનાહિત ઈતિહાસ: –**

**આ કામે રજુ થયેલા પોલીસ પેપર્સ જોતા આરોપી વિરુદ્ધ ગુજરાત રાજ્યના વિવિધ પોલીસ સ્ટેશનમા કુલ –૪૮ અલગ–અલગ ગુનાઓ નોંધાયા છે. તેથી હાલના આરોપી ટેવગત રીતે આ પ્રકારના ગુનાઓ આચરતા હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાય છે.**

**4 .ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી : –**

આરોપી પ્લોટ નંબર–૪૬, રામનગર સોસાયટી, હનુમાનદાદા ના મંદિર પાસે, દુંદાળા પાસે, શિહોર, તાલુકો:– શિહોર, જીલ્લો:– ભાવનગર ના રહેવાસી છે. તેમની વિરુદ્ધ ગુજરાત રાજયના અલગ–અલગ પોલીસ સ્ટેશનમા કુલ–૪૮ ગુનાઓ નોંધાયા હોવાથી હાલના આરોપી ક્યાય નાસી ભાગી જાય

તેમ નથી તેવુ માનવાને કોઈ જ કારણ નથી.

**5 . પુરાવાનો નાશ થવાની: –**

આ એફ.આઈ.આર ધ્યાને લેતા આરોપીએ આરોપવામાં આવેલો ગુનો આચરતા સમયે જ સી.સી.ટી.વી ના ડી.વી.આર ની ચોરી કરી હતી. આ રીતે આરોપીએ બનાવ સમયે જ પુરાવાનો નાશ કર્યો છે. તેથી આરોપી ને જામીનમુકત કરવામાં આવે તો તે પુરાવાનો નાશ કરશે નહી તેમ માનવાને કોઈ જ કારણ નથી.

**6 . ફરી ગુનો થવાની સંભાવના: –**

આરોપી વિરુદ્ધ ગુજરાત રાજયના અલગ–અલગ પોલીસ સ્ટેશનમા કુલ–૪૮ ગુનાઓ નોંધાયા છે. તેથી આરોપીને જામીનમુકત કરવાથી વધુ ગુના નહી આચરે તેમ માનવાને કોઈ જ કારણ નથી.

આમ આરોપી વિરુદ્ધ આરોપવામાં આવેલો ગુનો ગંભીર પ્રકારનો ગુનો હોવાથી અને તે બદલ થઈ શકતી સજાઓ પૈકી ની એક સજા ૧૪ વર્ષ સુધીની કેદની સજા છે. પરંતુ આરોપી ૦૧/૧૨/૨૦૨૫ થી જ્યુડીશીયલ કસ્ટડીમા હોવાથી આરોપીને જામીનમુકત કરવા ન્યાયોચિત છે. તેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

– અરજદાર/આરોપીની હાલની જામીન અરજી **મંજુર** કરવામાં આવે છે.

– આરોપી એ રૂપિયા ૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નો એક એવા બે સદ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીનમુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો: –**

- અરજદાર/આરોપી એ કેસની ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેવાનુ રહેશે.

- અરજદાર/આરોપી એ તેમનુ હાલનુ અને કાયમી સરનામુ મોબાઇલ નંબર તેમજ આધાર પુરાવા સાથે સોગંદ પર જાહેર કરવુ. અદાલતની પુર્વપરવાનગી વિના તેમા ફેરફાર કરવો નહી.

- અરજદાર/આરોપી અને જામીનદારો એ હુકમમા જણાવ્યા મુજબ રકમ ની જપ્ત કરી શકાય તેવી પોતાની તમામ સ્થાવર અને જંગમ મિલકત **દિન–૧૫** માં સોગંદ પર જાહેર કરવી.

- અરજદાર/આરોપી અને જામીનદારો એ અદાલત સમક્ષ જાહેર કરેલી સ્થાવર મિલકત તેમજ જંગમ મિલકત ખરેખર ધરાવે છે તેનુ વેરીફીકેશન સંબંધિત સક્ષમ સત્તાધિકારી પાસે કરાવી ને તે સક્ષમ સત્તાધિકારી અર્થાત જો ગામ હોય તો ગામના તલાટી કમ મંત્રી અને જો નગરપાલિકામા સમાવિષ્ટ વિસ્તાર હોય તો તે નગરપાલિકાના ચીફ ઓફીસર પાસેથી મેળવીને અત્રેની અદાલત સમક્ષ **દિન–૧૫** માં રજુ કરવાનુ રહેશે.

- અરજદાર/આરોપી અને જામીનદારો એ અદાલત સમક્ષ જાહેર કરેલા સરનામે ખરેખર રહે છે તે અંગે સંબંધિત પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી નિયુકત કરે તેવા પોલીસ અધિકારીને ખાતરી કરાવી તે અંગેનુ પ્રમાણપત્ર સંબંધિત પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી પાસેથી મેળવીને **દિન–૧૫** મા રજુ કરવુ

- અરજદાર અને જામીનદારો એ અદાલતની પરવાનગી વિના, અદાલત સમક્ષ જાહેર કરેલી મિલકતમાં કોઇપણ જાતનો ફેરફાર કરવો નહી કે કોઇપણ રીતે તેનો નિકાલ કરવો નહી.

- જો કોઇ જામીનદાર એક કરતા વધુ અરજદારના જામીન થાય તો આવા જામીનદારે સદ્ધરતા અંગેનુ પ્રમાણપત્ર **દિન–૧૫** મા સંબંધિત અધિકારી પાસેથી મેળવીને અત્રેની અદાલતમા રજુ કરવાનુ રહેશે.

- **આરોપીએ ફરીથી કોઇપણ પ્રકારની ગુનાહિત પ્રવૃતિ મા સામેલ થવુ નહી.**

– ઉપરોક્ત પૈકી એકપણ શરતનો ભંગ થયેથી આરોપીએ આપેલા જામીન આપોઆપ રદ્દ થયેલા ગણાશે. આ હુકમ આજરોજ તારીખ ૧૧/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(એચ જે ઝાલા)
બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ધારી
જજ કોડ– જીજે–૦૧૩૬૯

તારીખ: – ૧૧/૦૩/૨૦૨૬

સ્થળ:– ધારી